# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ઓકે ઝેર અંદરથી, બહારથી મધ ચટાવે છે,
ભોંકે છરી પીઠ પાછળ, મૂખથી મૈત્રી રટાવે છે,
છટપટાવે પૂંછ રૂબરૂ, કાપે માથાં બેરહમીથી -
પાકિસ્તાન કરે છે હદ, ધૈર્યની હટ વટાવે છે..
(આતંકી બોટમાં ઓટ આવતી નથી.)

## હાઇકુ

જાન રેડીને,
બનાવો જાનદાર -
જીવો શાનથી..
(જીવનનો અર્ક)

ભય-ચિંતામાં,
આતંકી ઓછાયામાં -
ધ્રૂજતા રહો..
(વિકાસની વાઇબ્રંટ્સી)

## ચિંતન

**ચિત્તે ભ્રાન્તિ ર્જાયતે મધપાનાદ્ ભ્રાન્તે ચિત્તે પાપચર્યા મુપૈતિ ।**
**પાપં કૃત્વા દુર્ગતિં યાન્તિ મૂઢાસ્ત ઉન્માન્મદ્યં નૈવ પેયં ન પેયમ્ ॥**

સુભાષિત રત્ન ભાંડાગાર ના બીજા પ્રકરણમાં દારૂ નિષેધ વિશે શ્લોકો આપવામાં આવ્યા છે તેમાંથી એક અત્રે રજૂ કર્યો છે : અર્થ -

'મદ્યપાન - દારુ પીવાથી ચિત્તમાં ભ્રમ-ઉન્માદ વ્યાપી જાય છે અને આ ચિત્તની ભ્રાંતિથી માણસ પાપાચરણ આચરે છે. 'દુષ્કૃત્યો' કરે છે અને નરકમાં પડે છે. માટે કદી પણ કોઇએ દારૂ પીવો નહીં.'

૩૧ ડિસેમ્બરની રાત્રિએ દારૂ પીને બેફામ બનેલાં યુવક-યુવતીઓ બેભાન અવસ્થામાં કેવાં કેવાં પાપાચરણ કરે છે એ દર વર્ષે જાન્યુઆરીમાં જાણવા મળે જ છે.

અભિનેતાઓ પાર્ટીમાંથી દારૂ પી છકેલા મોડી રાત્રે છૂટે પછી બેફામ બની ગાડી ચલાવે અને ફૂટપાથ પર સૂતેલા 'ગરીબો'ને કચડી નાખવાના અનેક કિસ્સા આપણે અવારનવાર વાંચવા મળે છે.

દારૂના વ્યસનને કારણે રાજ-રાજવીઓ, ઠાકુર અને ધનિકોથી મધ્યમ વર્ગ સુધીના તમામ બરબાદ થઇ ગયાના કિસ્સા પણ ઓછા નથી.

દારૂનું વ્યસન આરોગ્યને પણ નૂકશાન કરે જ છે.

## સુવિચાર

- કોઇને સમજાવવાનું સહેલું છે, કોઇના પ્રત્યે ગેરસમજણ કરી એ પણ સહેલું છે.. પણ કોઇને બરાબર સમજ્યા નથી એ સ્વીકારવું બહું અઘરુ છે - **વજુ કોટક**
- પ્રતિષ્ઠા બધાને અપાય, નિષ્ઠાનું કેન્દ્ર ના બદલાય, નિષ્ઠા તો કેવળ એક જ જગ્યાએ હોય - **મોરારી બાપુ**
- સ્વર્ગની વાતો કરનારા પણ મૃત્યુથી ડરે છે.. અને નરકની ધમકી આપનારા પણ મૃત્યુથી કાંપે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જ્ઞાનમાં વૃદ્ધિ તો જ થઇ શકે જો અભ્યાસને જીવનનો એક ભાગ સમજવામાં આવે - **જ્ઞાનસૂત્ર**
- જીંદગીની સફરમાં નાની નાની બાબતો દિલથી માણતા રહો, જયારે એ વીતી જશે ત્યારે ખ્યાલ આવશે કે સાવ નાની લાગતી એ બાબતોનો સરવાળો કેટલો મોટો અને મહાન હતો - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- નીરસ લાગતી પ્રવૃત્તિ અયોગ્ય ઢબે કરવા લાગીએ તો એ બમણી નીરસ લાગે છે અને નીરસ પ્રવૃત્તિને સારી રીતે પાર પાડવા મથીએ તો એની નિરસતા ઘટી જાય છે - **રજનીશ**
- પીડા અને સંઘર્ષ વિશ્વવ્યાપી છે એ સજા નથી એ તો પ્રતિભા ખીલી ઊઠે, નવી ક્ષમતા વિકસે એ માટે કુદરતે સર્જેલી અદ્ભૂત તક છે - **જીવનસૂત્ર**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

શિક્ષકનું કામ વિદ્યાર્થીના પ્રેરક બનવાનું છે તેમાં ઉત્સાહનું દિવેલ પૂરી પ્રકાશ પ્રગટાવવાનું છે. કેટલાક શિક્ષક વિદ્યાર્થીને ગુસ્સે થઇ ઉતારી પાડે છે. કોઇને 'ડોબો' 'ઠોઠ' 'આળશુ' જેવા ઉપનામથી નવાજી તેના વિકાસનું ગળું જ ઘોંટી નાખે છે.

શિક્ષકે વર્ગમાં કેટલાક શબ્દો ના સ્પેલીંગ જોડણીઓ જોવા માટે શબ્દો લખાવ્યા. એક છોકરી એ ઉત્સાહપૂર્વક રાતા કાગળમાં સુંદર અક્ષરે સ્પેલીંગ લખ્યા અને શિક્ષકને બતાવવા ગઇ. એને 'શાબાશી' અને વખાણની અપેક્ષા હતી.

શિક્ષક જોયું. બધા જ શબ્દોની જોડણી ખોટી હતી. પણ વિદ્યાર્થીનીનો ઉત્સાહ અદ્ભૂત હતો. તેથી શિક્ષકે કહ્યું, અરે વાહ આવો સુંદર કાગળ કયાંથી લાવી! અને હાંસિયો પણ કેટલો મોટો અને મજાનો રાખ્યો છે મેં ખૂબ ઝડપથી શબ્દો લખાવ્યા છતાં તારા અક્ષર પણ કેવા મરોડદાર થયા છે!! ચોખ્ખાઇ પણ ચેંકચાક વિનાની સરસ છે, પણ બેટા! શબ્દોના સ્પેલીંગ યાદ રાખવા માટે હજુ તારે ઘણી બધી મહેનતની જરૂર છે!

- છોકરી સમજી ગઇ, કહ્યું ટીચર, હવે હું સ્પેલીંગ પર પણ ખૂબ ધ્યાન આપીશ, બીજી વખત જોજો ને! બધા જ સાચા હશે!!

**Email - sureshchandrabhatt18@gmail.com**

# સાપ સાથેની લડાઇમાં સાપ તેને દંશ આપે તો નોળીયો ખાસ પ્રકારની વૃક્ષના મૂળ ખાઇ ઝેર ઉતારે છે, પણ આ વાત સાચી નથી. નોળીયાને પણ ઝેરની અસર થાય છે, પણ સાપ સાથે લડાઇ વખતે તેના વાળ ઊભા થઇ જતા હોય છે જેથી સાપ બચકુ ભરી શકતો નથી

## હરિયાળું હરણોદ્યાન

- નટવર હેડાઉ

ઉપેન્દ્રભાઇ પ્રકૃતિ ઉદ્યાનની મુલાકાતે આવવાના છે. તે વાતે હું ખુબ ઉત્સાહિત હતો.

ભીલોડા વિસ્તારના ધારાસભ્ય, વિધાનસભાના નાયબ અધ્યક્ષ, પદ્મશ્રી, અભિનય સમ્રાટ અને એક સારા વક્તા એવા અનેક ઓળખાણો કરતાં વધુ તો એ ગુજરાતી ફિલ્મના સુવર્ણકાળના જન જનના માનીતા લોકહૃદય સમ્રાટ અભિનેતા હોઇ તેમને જોવા અને મળવાનો મોકો મળે ત્યારે કોને ન ગમે? અરે અમારા વયના લોકોની તો એક આખી પેઢી ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા હોઇ તેમની ફિલ્મો જોઇને જ જુવાન થઇ એમ કહીએ તો પણ અતિશયોક્તિ ન લાગે.

તેમનો આવવાનો સમય તો થઇ ગયો હતો. મેં ફરી એકવાર ઘડિયાળમાં જોયું. ત્યાં સામેથી કાર આવતી દેખાઇ અને પળવારમાં અમારી સામે આવીને ઊભી રહી.

'નમસ્તે'

'નમસ્તે કેમ છો?'

'સારું...'

'તમારું પ્રકૃતિ ઉદ્યાન જોવાની ઘણા સમયથી ઈચ્છા હતી. પણ કોઇને કોઇ કારણોસર આવી જ શકાતું ન હતું.' ઉપેન્દ્રભાઇ એ કહ્યું.

એજ જાજરમાન વ્યક્તિત્વ, કલાકારનો એ જ ઠસ્સો. સફેદ ઝભ્ભો અને સલવાર ખભે ખેસ, છટાદાર વાણી, આંખો એવી જ રમતીયાળ, હાં ઉંમર વર્તાય ખરી પણ વળી ફિલ્મોમાં જોયા હોય ત્યારે મેકઅપથી એક કૃત્રિમ આભા ઊભી કરાઇ હોય તેનો સદંતર અભાવ લાગે માથે વાળ ઓછા અને ચહેરો શ્યામ લાગે છતાં તેનાથી તેમની આભામાં કોઇ ઉણપ લાગતી ન હતી.

'કંઇ તરફ જવાનું છે?' તેમણે મને પુછ્યું.

હાં, આ તરફ પહેલાં રેસ્ટ હાઉસ... મેં કહ્યું.

સારું

હું આગળ ચાલ્યો એટલે એ પણ સાથે સાથે ચાલવા લાગ્યા.

ત્યા સામેથી એક બે... ત્રણ... પસાર થયા.

અરે આ શું આતો નોળીયો છે ખરું ને?

હાં...

તો અહીં સાપ રહે કે નહીં

રહે છે ને, પ્રકૃતિ ઉદ્યાનમાં કુદરતી અવસ્થામાં પણ જેમ તમે નોળીયા જોયા તેમ સાપ પણ ઘણા છે. ખાસ તો ગાંધીનગર વસ્યું ત્યારે આ બધો વિસ્તાર વેરાન હતો અથવા ખેતીની જમીન હતી. તેથી વનવગડાનાં પ્રાણીઓ, પક્ષીઓ અને સરીસૃપો હતા પણ માનવ વસવાટ થતાં તેમને રહેવાની મુશ્કેલી સર્જાઇ. હા, જો કે અહીંના લોકોમાં એક પ્રકારની જાગૃતિ આવેલ હોવાથી સાપ નીકળે છે તો તેને મારી નાંખવાને બદલે અહીંથી અમારા માણસો ને બોલાવે છે. અને એ લોકો સાપ પકડી લાવે એને અહીં જ આ પ્રકૃતિ ઉદ્યાનનાં વિસ્તારમાં મુક્ત કરવામાં આવે છે.

અમારા મિનિસ્ટર બંગલાઓના વિસ્તારમાં સાપ ઘણા છે એને પકડો કે નહીં? તેમણે જરા હળવા મુળમાં પુછ્યું.

તમે જ કહો છો એ તો બહુ ઝેરી સાપ હોય છે. અને એમનાં ફૂંફાડા પણ ભારે કેમ કે પ્રજાએ ચૂંટીને મોકલ્યા હોય ને! પણ હાં ત્યાં પણ ઘણી વખત સાપ નીકળે છે ખરા તેને અમારા માણસો પકડી લાવે છે - મેં કહ્યું.

'તમને ખબર છે સાપ અને નોળીયા વચ્ચે તો બહુ દુશ્મનાવટ હોય છે. અહીં તમે તેમને કયારેય લડયા જોયા છે.' ઉપેન્દ્રભાઇએ કહ્યું.

હા... એકાદ વખત....

આ નોળીયા પણ જુદા જુદા થતા હશે ખરું ને? ઉપેન્દ્રભાઇએ પુછ્યું.

હાં, નોળીયા આમ તો આપણા સમગ્ર ભારતમાં બધે જોવા મળે છે. ગુજરાતમાં પણ બધે જોવા મળે. પીળાશ પડતા ભૂખરા રંગવાળી રૂવાટી ધરાતવું લાંબુ શરીર અને ટૂંકા પગ વાળું આ પ્રાણી છે. તમે હમણાં જોયું હશે કે તેના શરીર પર ઘાટા આછા પટ્ટા જોવા મળે છે. તેના પગ શરીર કરતાં ઘાટા રંગના હોય છે. પૂંછડી માથા અને શરીરની લંબાઇ જેટલી જ એટલે કે કુલ શરીરના લગભગ અડધોઅડધ લંબાઇ જેટલા લાંબા વાળ વાળા પૂંછડીનો છેડો સફેદ કે પીળાશ પડતા લાલ રંગનો હોય છે.'

પણ મારી એક ફિલ્મનું શૂટીંગ કચ્છમાં હતું ત્યારે મેં ત્યાં જોયેલો નોળીયો લાલ રંગનો હતો.

હાં તમારી વાત બિલકુલ સારી છે. રણના નોળીયા લાલાશ પડતા રંગના જોવા મળે છે. એમ તો દક્ષિણ ભારતમાં કથ્થાઇ અને ઉત્તર ભારતના અમુક વિસ્તારોમાં ભૂખરા પડતાં રંગના પણ જોવા મળી જાય છે.

એમ, આ નોળીયાની બીજી કોઇ ખાસ વિશેષતા ખરી ઉપેન્દ્રભાઇએ રેસ્ટ હાઉસના સોફામાં બેસતાં પુછ્યું.

હાં અણીદાર વાળવાળુ માથું અને ટૂકું નાક ધરાવતા નોળીયાના ઉપરના હોઠ વચ્ચે ફાટ હોય છે અને અર્ધ ગોળાકાર કાન ખુબ નાના હોય છે. વળી ચારેય પગમાં પાંચ - પાંચ મોટા નહોર હોય છે. આગલા પગનાં આગળીના નહોર ખોતરવામાં ઉપયોગી બને તેવા મોટા હોય છે. નહોર અંદરની તરફ ખેંચાઇને ચામડી નીચે ઢંકાઇ જતા નથી. તેથી જ તેના નહોરને કારણે આ પ્રાણી નોળીયા તરીકે જાણીતું છે.

તમે તો નોળીયાનો સારો પરિચય આપ્યો હો, પણ મેં તો જોયું છે કે ખેતરો, વાડીઓ, બગીચા કે ખાસ કરીને થોરની વાડીમાં કે ઝાડીવાળા વિસ્તારમાં એ ખુબ રહેતા હોય છે. પણ એ ખાતા શું હશે?

'તમે કીધું' એવા વિસ્તારમાં મોટેં ભાગે નોળીયા જોવા મળતા હોય છે ત્યાં એ દર કરીને સાપના કે ઉંધઇના રાફડામાં કે વૃક્ષના થડની બખોલમાં રહેતા હોય છે. કયારેક ગામડામાં ઘરનાં છાપરાંમાં પણ આશરો મેળવે છે. આ દિવાચર પ્રાણી છે. એકલવાયુ કે જોડીમાં આખો દિવસ લપાતું દોડાદોડ કરતું જોવા મળે છે. તેના ખોરાકમાં ઘણી વિવિધતા છે. ઉંદર, સાપ, ગરોળીઓ, જીવાત, વીંછી, ખાનખજૂરો ઈંડા એવું બધું ખાય તે ઉપરાંત ફળફળાદિ, પાન, મૂળ જેવા વનસ્પતિ જન્મ પદાર્થો પણ આરોગી લેતા હોય છે.

સાહિત્યમાં અને ખાસ કરીને લોક સાહિત્યમાં સાપ અને નોળીયાની દુશ્મનાવટ જાણીતી છે. ઘણી વાર્તાઓ પણ છે. તમે પણ એવું વાંચ્યુ કે સાંભળ્યું તો હશે જ.

હાં એવું કહેવાય છે કે સાપ સાથેની લડાઇમાં સાપ તેને દંશ આપે તો નોળીયો ખાસ પ્રકારની વૃક્ષના મૂળ ખાઇ ઝેર ઉતારે છે. પણ આ વાત સાચી નથી. નોળીયાને પણ ઝેરની અસર થાય છે. પણ સાપ સાથે લડાઇ વખતે તેના વાળ ઊભા થઇ જતા હોય છે. જેથી સાપ બચકુ ભરી શકતો નથી.

મેં તો સોનેરી નોળીયા વિશે પણ કયાંક વાંચ્યં હતું. શું એવા પણ નોળીયા હોય છે?

હાં ગુજરાતનાં ગીરના જંગલ અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં આ નોળીયા જોવા મળે છે. તેના રંગના કારણે તે અલગ પડે છે. તેની પુંછડીનો છેડો કાળો હોય છે.

આ પ્રકારનો નોળીયો જોવા મળે ખરો? ચ્હાનો કપ હાથમાં લેતા ઉપેન્દ્રભાઇએ પુછ્યું.

ના, તે મોટા ભાગે માનવ વસ્તીથી દૂર રહે છે. આ નોળીયાની ખાસિયત એ છે કે તે જરૂરિયાત કરતાં વધુ મારણ કરે છે. આ નોળીયાની બે પેટા જાતિઓ પણ છે. જેમાંની એક ભારતમાં અને બીજી શ્રીલંકામાં જોવા મળે છે. બિલાડી કુળના પ્રાણીઓ પોતાનો શિકાર છુપાઇને કરે છે. જયારે નોળીયા શિકાર પર સીધા જ ત્રાટકે છે. સોનેરી નોળીયા મોટા કદની ગોકળ ગાયને પણ ખાય છે.

આપણે આ નોળીયા પુરાણ સારું ચાલ્યું. આવા બીજી કોઇ જાતના નોળીયા હોય ખરાં?

હાં વામન દેહી નોળીયા પણ જોવા મળે છે તે ઓલીવ બ્રાઉનથી લઇને ઘાટા કથ્થાઇ રંગના આ નોળીયાના શરીર ઉપર સોનેરી ધબ્બા હોય છે. તેની રૂંવાટી ટૂંકી અને સિલ્ક જેવી મુલાયમ હોય છે. આ નોળીયા એકલા કે જોડીમાં જોવા મળે છે. માદા પોતાના બચ્ચા માટે ખુબચિંતિત રહે છે. જેથી બિલાડી જે રીતે તેના નાના બચ્ચાંને મોઢામાં સાવચેતીપૂર્વક પકડીને થોડા થોડા સમયે સ્થળ બદલતી રહે છે એ રીતે નોળીયાની માદા પણ તેના બચ્ચાઓને એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવતી હોય છે.

હમણાં તો જોવા મળતા નથી પણ પહેલા મદારીઓ સાપની સાથે નોળીયા પણ પાળતા તો શું એ પાલતું બની શકે છે ખરાં? ઉપેન્દ્રભાઇએ પુછ્યું.

હાં વામન કદના નોળીયાને પાલતું બનાવવાના પ્રયાસો સફળ થયા છે ખરા.

તમારી સાથે વાત નીકળી છે તો પુછી જ લઉં કે આ નોળીયાઓનું આયુષ્ય કેટલું હોતું હશે.

તેનું આયુષ્ય આમ તો નવથી દશ વર્ષ હોવાનું મનાય છે.

નોળીયા આપણે ત્યાં જ જોવા મળે છે કે વિશ્વનાં બીજે પણ હશે? ઉત્સુકતાપૂર્વક ઉપેન્દ્ર ભાઇએ પુછ્યું.

નોળીયા ઉત્તર એશિયાથી, દક્ષિણ ચીન, મલાયા દ્વીપકલ્પ, સુમાત્રા વિસ્તારોમાં વ્યાપ ધરાવે છે. ત્યાં તેને સ્મોલ એશિયન મંગુસ કે 'જાવન ગોલ્ડ સ્પોડેટ' મંગુસ તરીકે ઓળકવામાં આવે છે. વેસ્ટ ઈન્ડિઝના હવાઇયન ટાપુઓ પણ આ નોળીયાઓને લઇ જઇ સ્થાપિત કરાયા છે.

**(અનુસંધાન પાના નં. ૬ પર)**

# અભિવ્યક્તિ પરિવારમાં સાહિત્યપ્રીતિથી બન્યાં મુખ્યસંયોજક - ભીમજી નાકરાણી

## મોંઘેરા મોતી

- નટવર આહલપરા



છત્રીસ વર્ષથી હું અને ભીમજી નાકરાણી મિત્રતાની મીઠી મુડી સાચવી રહ્યા છીએ. ઘણીવાર થયા કરતું કે, આ મિત્રને કેવી રીતે પોંખવો? કોઇ માધ્યમ મળે તો મજા પડી જાય. અરે! પણ ત્યાં તો મને લોકસેવા ટ્રસ્ટ, અમદાવાદથી પત્ર મળ્યો. ઓગસ્ટ-૧૪ નો સરદાર જયોતનો વિશેષાંક ભીમજી નાકરાણીના જીવન કવન આધારિત પ્રકાશિત થયો. ભીમજી નાકરાણી અમદાવાદમાં સ્વ બળે ઉભર્યા છે.

બસ, મિત્રને ઊંચકવા તૈયાર થઇ ગયો. થયું ગજવામાં ભરેલો ગુલાલ તો આજ ઉડાડી જ લઉં. મિત્ર, ભીમજીને શબ્દોના ગુલાબથી રંગી જ દઉં.

વાત એમ છે કે, ૧૯૭૯માં હું ભાવનગરની વળિયા આર્ટ્સ કોલેજમાં એસ.વાય. આર્ટ્સમાં અભ્યાસ કરતો હતો. લઘુકથા અને ટૂંકી વાર્તા લખવાના પગરણ માંડ્યા હતા. ભીમજી નાકરાણીના મુખ્ય સંયોજક પદેથી વરિષ્ઠ સાહિત્યકાર પૃથ્વીસિંહ ઝાલાના સહસંયોજક પદેથી અભિવ્યક્તિ પરિવાર સંસ્થાનો પ્રારંભ થયો. ઓપન ગુજરાત ટૂંકી વાર્તા સ્પર્ધા 'અભિવ્યક્તિ' પરિવારે યોજી હતી. મેં મારી ટૂંકી વાર્તા 'શ્વાસ' સ્પર્ધામાં મોકલી હતી.

તા. ૧૨-૦૫-૭૯ ના રોજ મને ભીમજીનો પત્ર મળ્યો. લખ્યું હતું કે, 'આપની કૃતિ - શ્વાસ' બીજે નંબરે આવેલ છે. નિર્ણાયક પદે સુમન શાહ હતા. 'અખબારોમાં મારા ફોટા સાથે વિગત છપાઇ અને હું ભીમજી નાકરાણીને મળવા આતુર થઇ ગયો હતો.' ભાવનગર જીલ્લાના ગારિયાધાર તાલુકાના વેળાવદર ગામનું પાણી અમદાવાદના સાબરમતીના પાણીમાં ભળી જાય એ સુખદ ઘટના છે.

ભીમજીનું સ્થળ અને મારું ગામ લીંબડા હનુભાના ૩૦ કિલોમીટર માંડ થાય છે. ભીમજીમાં બહુમુખી પ્રતિભાના બીજ પહેલેથી જ રોપાઇ ગયા હતા. એક ભવમાં શિક્ષક, લોકસેવક, ખેડૂત અને સર્જક બની જીવનારા ભીમજીને મારે તો શબ્દસાધક તરીકે મૂલવવા છે.

તેમનામાં કવિ, લેખક, વાર્તાકાર અને પત્રકારના લક્ષણો ઉતર્યા છે. નેતૃત્વ શક્તિને લીધે તેઓ અભિવ્યક્તિના મુખ્ય સંયોજક બન્યાં છે અને કેટલાય સર્જકોને ઉજાગર કર્યા છે. પોતાના સંયોજનમાં તા. ૩૦-૦૯-૧૯૭૯માં રવિવારે સાંજે અમદાવાદના હઠીસિંગ વિઝ્યુઅલ આર્ટ સેન્ટરમાં કવિ માધવ રામાનુજ અને વિનોદ ભટ્ટના કેન્દ સ્થાને કવિ મિલન યોજે. ભાવનગર મને આમંત્રણ મોકલે. હું પણ જોડાતો અને આનંદ લેતો હતો.

પગ વાળીને બેસવું જ નહીં એ ભીમજીની પ્રકૃતિ રહી છે. ૭ થી ૧૫ વર્ષના બાળકોને વિવિધ કલાની તાલિમ આપતી આકાર સંસ્થામાં અંબુભાઇ પટેલ મેને. ટ્રસ્ટી હોય પણ સેક્રેટરી પદે તો ભીમજી નાકરાણી જ હોય. નાટ્યચાર્ય જશવંત ઠાકર પધારે અને. કુ આશા જોઇસર સંસ્તાનું ઉદ્દ્ઘાટન કરે. તા. ૦૯-૦૭-૧૯૮૧ ગુરુવારની સાંજે જીવન જયોત વિદ્યાલય ગુંજી ઊઠી હતી તેનો હું સાક્ષી હતો.

ભીમજીએ અભિવ્યક્તિ પરિવારના નેતત્વ વચ્ચે સર્જન કર્યું છે. ૧૯૮૫માં 'ફૂલ અને ગુલાબ'નું વાર્તાસંગ્રહ આપી તેઓએ ગુજરાતી સાહિત્યમાં શ્રીગણેશ માંડ્યા હતા. તેમણે કવિતામાં હાથ અજમાવી ૧૯૯૯માં 'સળવળાટ' કાવ્યસંગ્રહ આપ્યો છે. ૨૦૦૧માં વાર્તા સંગ્રહ 'મારી નસમાં વહેતું એક નામ' ભાવકોની સામે મુકે છે. ૨૦૦૩માં સરદાર પટેલની પ્રતિભાનું સંપાદન કરે અને ૨૦૦૪માં પ્રા. ડો. આર.ટી. સાવલિયાની સાથે 'આપણા સંતો'નું પુસ્તકનું કર્યું હતું.

જીતેન્દ્ર તલાવિયાના તંત્રી પદે અને પોતાના સંપાદનમાં ભાવકોને સારું વાંચન મળી રહે એવા ઉમદા હેતુથી 'સ્પંદન' સામયિક શરૂ કર્યું હતું. આ બધું સાહિત્યપ્રેમ વિના શક્ય બને ખરું? ભીમજીના દિવાળી કાર્ડ કલાત્મક અને સાહિત્યક હોય. તેમાં લખ્યું હોય :

લાખે લેખાં ને લખેશરી, લીલી વાડી હોય,
હેતપ્રીત ને હરખથી, આઠે પહોર આનંદ હોય.

ભીમજીના મુખ્ય સંયોજક પદે અને મારા સહસંયોજક પદે ૧૯૮૦માં કવિ મિત્રો જયેશ ભટ્ટ, કૈલાસ ભટ્ટ, ભરત જોશી 'પાર્થ મહાબાહુ', શિલ્પીન થાનક, યોગેશ દેવલુક વ. મિત્રોએ ભાવનગરમાં અભિવ્યક્તિ પરિવાર શાખાનો પ્રારંભ કર્યો હતો. પ્રો. તખ્તસિંહ પરમાર, પ્રા. ખોડિદાસ પરમારની વિશેષ ઉપસ્થિતિમાં કાવ્ય, લઘુકથા, વાર્તા પાઠ થતો. શાળા-કોલેજમાં નિબંધ, વક્તૃત્વ સ્પર્ધા આયોજીત થતી. ૭ વર્ષ સુધી ભાવનગર - અમદાવાદમાં સાહિત્યના કાર્યક્રમો કર્યા હતા એનો શ્રોય ભીમજીને અવશ્ય આપી શકાય.

આજે જયેશ ભટ્ટ, પાર્થ મહાબાહુ, કૈલાશ ભટ્ટ પ્રસ્થાપિત સાહિત્યકારો બની ગયાં છે. જોગાનુજોગ ૧૯૮૭માં નોકરીમાં ભાવનગરની મારી બદલી રાજકોટ થઇ. રસિક મિત્રો ગાયક શશીકાન્ત ભાઇ ત્રિવેદી, વાર્તાલિખક દિનેશ વ્યાસ, કવિ સી. એન. પાલડિયા, 'શ્રીકાંત' હીમલ પંડ્યા 'પાર્થ', નીનાદ અધ્યારુ, ભાવિન મહેતા 'પ્રેમ', વિનોદ ડોબરીયા, મહેશ ઠાકર, ફાલ્ગુની પારેખ, નીલમ તલસાણીયા વ. રાજકોટ અભિવ્યક્તિ પરિવારમાં દર બુધવારે સાંજે ૬ પછી કાવ્ય, વાર્તા પઠન કરવા આવતા હતા. ભીમજીના માર્ગ દર્શન હેઠળ જોત જોતામાં આકાશવાણી તેમજ દુરદર્શનમાં એક ડઝન જેટલાં કાર્યક્રમો કર્યા હતા.

અભિવ્યક્તિ પરિવારની ફલશ્રુતિ સ્વરૂપે દિનેશ વ્યાસ વાર્તાકાર, હિમલ પંડ્યા 'પાર્થ' અને નિનાદ અધ્યારુ આજે ઊભી આવ્યા છે. ભીમજી નાકરાણીના ઉમદા સાહિત્ય વિચારથી જ આ બધું શક્ય બન્યું છે. રાજકોટ પણ ભીમજીના પત્રો મળતા હતા. તેઓ લખે :'આપણી વચ્ચે સ્નેહનો સેતુ બંધાયેલો રહે ને... પ્રેમની કુંપળ આવતીકાલે પણ વૃક્ષ બનીને વેરાય.'

'સરદાર જયોત' સામયિકમાં એમની શબ્દ સાધના તંત્રી પદમાં દેખાય છે તો 'સેવા-સુગંધ' અને 'સેવા સુવાસ' ડિરેક્ટરીમાં પરગજુપણાની ભાવના વરતાઇ આવે છે, મીડિયા ડિરેક્ટરીનું સંપાદન સૌને ઉજાગર કરવાનું રહ્યું છે.

બંને પક્ષે રાજીપો વધે તેથી સંભારણાઓ સાથે છે. એમના દીર્ઘાયુ માટે હું પ્રભુને પ્રાર્થના વહેતી મુકુ છું. ભીમજી નાકરાણીના વ્યક્તવ્યનો વિશેષાંક પ્રગટ થયો છે એ સુખદ ઘટના યાદગાર ચિરસ્થાઇ બની. એ ક્ષણોને માણવા હું ઉપસ્થિત હતો.

અહીં ચિનુ મોદીનો શેર પર્યાપ્ત છે, સિદ્ધિ મળી જયાં એક ત્યાં લાખો દિશા ખુલી,
કોને ખબર કે કયાં સુધી મારો વિકાસ છે?

'અભિવ્યક્તિ'ના શબ્દયાત્રી ભીમજીની શબ્દયાત્રા આગળને આગળ વધે તેવી દિલી અભિવ્યક્તિ.

# હે પ્રભુ ! મારા ખભા મજબૂત કર

## વિચારયાત્રા

- ડો. જય ઓઝા

એક દૃશ્ય - મસમોટું ટોળું વર્તુળાકારે જામ્યું હોય વચ્ચોવચ મદારી, સાપને રમાડતો હોય, તે જોવા માટે જામેલા ટોળાના પાછલા ભાગે એક માણસ તેના બાળકની આંગળી પકડીને સુપેરે ખેલ જોતો હોય, પરંતુ સાવ ઓછી ઊંછાઇ ધરાવતું બાળક તે ન જોઇ શકવાથી અકળાતું હોય, 'પપ્પા મારે પણ જોવું છે.' આ કાલા, મીઠા શબ્દો પપ્પાના કાને પડે એટલે પપ્પા તરત તેને ઊંચું કરીને ખભે બેસાડે. વચ્ચે ચાલતા ખેલની કુતૂહલતા કે વિસ્મયતા જોવા કરતાં વધારે બાળકને એ હોય છે કે પોતે પપ્પાને ખભે ચડીને ઊંચાઇ પરથી કશુંક જોઇ શકે છે. આવો ભાવ જ તેને હર્ષના ઉદ્ગાર કાઢવા પ્રેરે છે.

બીજું દૃશ્ય માતાપિતા સાથે આંગળી પકડીને મંદિરે જતું બાળક, બીજા સ્ત્રી-પુરુષને ઊંચે ટાંગેલા ઘંટ વગાડતા જુએ છે મમ્મીનો સાડીનો છેડો કે પપ્પાનું શર્ટ ખેંચીને ઘંટનાદ કરવાની પોતાની ઇચ્છા વ્યક્ત કરે છે. મમ્મી કે પપ્પા તેને ઊંચકીને ઘંટ પાસે પહોંચાડે છે ત્યારે અવર્ણનીય આનંદ અનુભવતું બાળક ઘંટ વગાડે છે. આ ક્રિયા પેઢી દર પેઢી ચાલ્યા કરે છે. મમ્મી અને પપ્પાને ખભે ચઢીને મંદિરનો ઘંટ વગાડતું બાળક બીજા વીસેક વર્ષ પછી આ જ ઘટનાને પુનરાવર્તિત કરે છે, પોતાના બાળકને ખભે બેસાડીને તેની પાસે ઘંટનાદ કરાવે છે.

આજે પરિસ્થિતિમાં બદલાવ છે. માબાપ તેમના બાળકને કમરે, છાતીએ કે ખભે તેડવાનું પસંદ કરતા નથી, આવું મારું માનવુ છે! બાળખને કેડે ઊંચકીને ફરવું એ કદાચ પછાતપણું મનાવા લાગ્યું છે, સ્ત્રીઓ મોંઘા ભાવના ડ્રેસ અને સાડી બગડી ન જાય, ચીંથરા ચૂથાઇ ન જાય એ માટે પોતાના બાળકને એ એવી રીતે ઉપાડે છે કે જાણે કચરાની ડોલને ઉકરડામાં ફેંકવા ન જતા હોય! અને એથી પણ આગળ ઘણી માવરુઓ તો આ જવાબદારી આયાને જ સોંપે છે, હવે પછી આપણે ૨૧મી સદીના માનવો બાબાગાડીમાં જ બાબા કે બેબીને ધકેલીએ છીએ અને આથી જ બાળકો તેમની વહાલસોયી માના શરીરની હૂંફ અને મમતાના સીધા સંપર્કથી વંચિત જ રહી જાય છે.

માતાપિતાના ખભે ચડીને જેણે બાળપણ નથી વિતાવ્યું એ આખી જિંદગી પાછળ જ રહી જાય છે, જે ઊંચાઇથી દુનિયાને નાનપણથી જોવાની ટેવ ન હોય તે ખતા જ ખાય ને! દુનિયાના દુષણોનો સામનો કરવાની તાકાત એ બાળપણમાં નથી મેળવી શકતો પછી આખી જિંદગી આશ્રય માટે બીજાના ખભા શોધવામાં પસાર કરી દે છે.

બાળક અને માતાપિતાની વાત બાજુ પર મુકીએ તો પણ ખભા વ્યક્તિના જીવનનો મહત્ત્વનો રોલ અદા કરે છે, એક સ્ત્રી પરિવારના બાળકો અને પરિવારની એકસૂત્રતા જાળવવાની ભેખ લઇને ખભા મજબૂત રાખે છે. પુરુષે પરિવારની આર્થિક, સામાજિક સુરક્ષા પુરી પાડવા મજબૂત ખભા રાખવા પડે છે. રખે ને! માનતા કે રોજ દંડ-બેઠક કરવાથી ખભા મજબૂત બને છે. આજકાલ જિમમાં જઇને છાતી, બાવડા અને ખભાને વિકસિત કરવાની ફેશન ચાલી છે, ત્યારે એવું પણ બને છે કે કદાવર શરીર સૌષ્ઠવ ધરાવતો વ્યક્તિ એક નાના વાવાઝોડામાં ડગમગી જાય. ખભા મજબૂત ત્યારે બને છે જયારે વ્યક્તિ જીવનમાં આવતી તડકી-છાંયડી જુએ, મુશ્કેલીઓનો, નાનાવિધ પ્રશ્નોનો અડગ રહીને સામનો કરે, અને વળી ખભા મજબૂત કરવાની પ્રોસેસનો સમય મર્યાદિત નથી, સમગ્ર જીવન દરમિયાન સારી-નરસી ઘટનાઓની અસર તમારા પર પડે છે તે દરેકને જોવાનો તમારો દૃષ્ટિકોણ હકારાત્મક રાખો તો, ખભા ઉત્તરોત્તર મજબૂત થવાના જ. વજન ઊંચકવાની તૈયારી જોવે.

મને અંબૂજા સિમેન્ટના વિજ્ઞાપનનું પોસ્ટર યાદ આવે છે, જેમાં એક હિ-મેન તેના બે કદાવર બાહુઓ વચ્ચે સમગ્ર ઇમારતને સમાવી લે છે, મને તેના ખભા અને બાવડા નાનપણમાં બહુ આકર્ષતા, આજેય આકર્ષણ થાય છે - પણ તેનો ગૂઢાર્થ હું આજે સમજ્યો છું.

દરેક વજને વાત જુદી છે - નિષ્ઠા, પ્રેમ, પ્રામાણિક્તા આ બધા બોજ ખભા પર ઊંચકવા અને તેને નિભાવવા એમાં જ જીવનનું સાફલ્ય છે. બોજ ઊંચકવો અને બોજ ઊંચકાવવો એ આપણા જીવનનું અવિભાજ્ય અંગ છે. આપણે બોજ ઊંચકાવવામાં તો શૂરા-પૂરા છીએ પણ બોજ ઊંચકવામાં દાંડાઇ કરીએ છીએ. આપણને મોટા કરવા માટે માતાપિતા આપણો ભાર ખભે નાખી ચાલે છે, અને જરા પર ઊંહકાર કર્યા વગર હસતે મોઢે જવાબદારી વહન કરે છે. જયારે આપણો વારો આવે છે, - એ માબાપને કાવડમાં બેસાડી ખભે ઊંચકવાનો, ત્યારે આપણે બોજ વેંઢારતા હોઇએ એવો ભાવ અનુભવીએ છીએ. આ તો કેમ ચાલે? મા-બાપે આપણને ખભે બેસાડ્યા પણ આપણે તો માથે ચડી ગયા.

માનવી જીવનમાં એવી અપેક્ષા રાખતો હોય છે કે કપરી ક્ષણોમાં તેને આશ્વાસન મળી રહે તે માટે એવો એક ખભો હોય જયાં એ માથું ટેકવીને રડી શકે, હળવો થઇ શકે, પણ જયારે આવો ખભો ન મળે એટલે દુઃખી થઇ જાય, અરે! શું કામ આવા ધોકા કરવાના! ગમે તે કરો, મથો, તૂટી જાઓ, માથા પછાડો, કાંઇ ફેર પડવાનો નથી. આપણા કુલી તો આપણે જ બનવાનું છે. આપણો બોજ આપણે નહીં ઉપાડીએ તો કોણ ઉપાડશે?

હે પ્રભુ! એવી શક્તિ આપો કે હું બધી જવાબદારીઓને ખભે મૂકીને ચાલી શકું, અને તે પણ વળી ટટ્ટાર કયાંક વાચ્યું'તું કે, પ્રભુ મુશ્કેલી દેવી હોય તો દે, પણ મારા ખભા મજબૂત કર.